ખા. ફોજ. કે. નં. ૬૧૧૧/૨૦૧૧

**<u>આંક-૧ હેઠળ હુકમ</u>**

સદર કામનુ રેકર્ડ ધ્યાને લીધુ. સદર કામ નેગો. કાયદા અન્વયે નોંધાયેલ છે. સદર કામે ફરીયાદીએ ફરીયાદ દાખલ કરતાં આરોપીને સમન્સ કાઢવામાં આવેલ જે સમન્સ જણાવેલ સરનામે આરોપી રહેતા ના હોય ના શેરા સાથે પરત ફરેલ. ત્યારબાદ ફરીયાદી ને નોટીસ કાઢવા મા આવેલી જે બજી ગયેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૧૯ થી ૨૧ સુધી મુદ્દત ની માંગણી કરેલ છે ત્યારબાદ ફરીયાદી કે વિ. વ. શ્રી હાજર રહી આગળ ની કોઇ કાર્યવાહીકરેલ નથી. તેથી આ કેસ ની વધુ કાર્યવાહી આગળ વધી શકતી નથી અને કેસ માં કોઇ પ્રોગ્રેસ નથી. આજરોજ નામદાર ગુજરાત હાઇકોર્ટ ની ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના પત્ર નં. ૩૧૯૯/૨૦૨૨, તા. ૦૭/૧૨/૨૦૨૨ ના અનુસંધાને અત્રેની અદાલત માં સ્પેશ્યલ સીટીંગ નુ આયોજન કરેલ છે. તેમાં તમામ મ્રુતપાય કેસો (ડેડવુડ) કેસો આઇડેન્ટીફાઇ કરી ડીસ્પોઝ કરવા જણાવવા મા આવેલ છે. હાલ ના કેસ માં ફરીયાદપક્ષે આરોપીને પ્રોસેસ બજાવવામાં નીષ્ફળ નીવડેલ છે અને કાર્યવાહી નજીક માં ભવિષ્ય માં આગળ ચાલી શકે તેની કોઇ શક્યતા જણાતી નથી તેમજ કેસની કાર્યવાહી ચાલુ રાખવાથી પણ કોઇ ફળદાયક પરીણામ મળવાની શક્યતા નથી. કારણ કે, ફરીયાદીએ જણાવેલ સરનામે આરોપી ને પ્રોસેસ બજતા નથી. તેમજ ફરીયાદી પણ નિયમીતપણે હાજર રહેતા ના હોય, નવુ સરનામું રજુ કરેલ ના હોય તે તમામ હકીકતો ધ્યાને લઇ કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડ કલમ-૨૫૬ અન્વયે રદ્ધ કરવા હુકમ કરવા માં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૩મી માહે મે, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૫/૨૦૨૩<br>
સુરત

(જીતેન્દ્ર પ્રભુદાસ પ્રજાપતિ)<br>
GJ01121<br>
૧૭મા એડી. ચીફ જ્યુડી. મેજી., સુરત.